## સામાન્ય કારણોસર વધી રહેલા હત્યા-આત્મહત્યાના બનાવો સ્વસ્થ સમાજ માટે લાલબત્તી સમાન..!!!

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતનું પાટનગર ગાંધીનગર એક તરફ સાંસ્કૃતિક નગરી તરીકે ઓળખ પ્રસ્થાપિત કરવા તરફ આગળ વધી રહ્યું છે ત્યારે બીજી તરફ છેલ્લા એક-બે માસમાં બનેલી કેટલીક ઘટનાઓ માત્ર આ શહેર માટે જ નહી પરંતુ સમગ્ર સમાજ

**સમયસર**

જીવન માટે ચિંતા પ્રેરક છે. છેલ્લા એક બે માસમાં શહેરમાં હત્યા અને ખૂનની ઘટનાઓની સંખ્યા ચિંતાજનક રીતે વધતી જોવા મળી છે. આ ઘટનાઓમાં ઉડીને આંખે વળગે તેવી બાબત એ છે કે મોટા ભાગની ઘટના પાછળનું કારણ અત્યંત ક્ષુલ્લક જણાયું છે. આજના ઝડપી યુગમાં માનસિકતા એટલી હદે બદલાઈ ચુકી છે કે સાવ સામાન્ય બાબતમાં વ્યક્તિઓ મરવા-મારવા પર ઉતરી આવે છે જે સ્વસ્થ સમાજના નિર્માણ માટે લાલબત્તી સમાન છે.

એક તરફ જ્યાં ટેકનોલોજીના યુગમાં દુનિયા ઝડપથી સંકોચાતી જઈ રહી છે, વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે શહેર, રાજ્ય કે દેશનું અંતર ઘટી રહ્યું છે અને દૂર દેશાવરમાં બેઠેલ સ્નેહીજનને ''પળવાર''માં નિહાળી રૂબરૂ આમને-સામને વાતચીત કરી શકાય છે ત્યારે બીજી તરફ પોતાની બાજુના ઘરમાં રહેતા વ્યક્તિ સાથે મોઢાંમોંઢ વાત કરે મહિનાઓ લાગી જાય છે. આજે માનવી પાસે માહિતીનો ખજાનો છે, સુવિધાઓ અપાર છે, આવક વધી રહી છે પરંતુ મનનો ઉશ્કેરાટ વધી રહ્યો છે, મન વ્યગ્ર છે, અશાંત છે. સાવ નજીવી બાબતો જે સામેની વ્યક્તિ સાથે વાતચીતથી ઉકેલી શકાય કે મધ્યસ્થીથી નિવેડો લાવી શકાય તેવી હોય છે પરંતુ આવી બાબતોમાં એક વ્યક્તિ ક્યાં તો બીજાનું ખૂન કરી નાંખે છે અથવા આત્મહત્યા કરી પોતાનું જીવન ટુંકાવવા સાથે પોતાના પરિવારજનોને શોકમાં ગરકાવ કરે છે. ''તેં મારા મિત્ર સાથે કેમ વાત કરી ?'' કે ''તેં મારી ગર્લફ્રેન્ડ અંગે બીજાને કેમ જણાવ્યું ?'' જેવી વાતોથી લઈને પરીક્ષામાં ઓછા ગુણ, સાસરિયાં સાથે માથાકુટ, પતિ કે પત્નિએ આપેલ ટોણો કે વેપારમાં મતભેદ જેવી બાબતો થતા ખૂન કે આત્મહત્યા આ સમાજને કઈ દિશામાં લઈ જશે તે અંગે સમાજશાસ્ત્રીઓ, ચિંતકો, ધર્માચાર્યો, શૈક્ષણિક અગ્રણીઓ વગેરેએ સત્વરે વિચારવું જ રહ્યું. અને આ પ્રશ્નનો ઉત્તર શોધવો રહ્યો કે ''શા માટે આજનો માનવી જરા સરખો પણ માનસિક તણાવ સહન કરી શકતો નથી ?





વિજયના વધામણા - રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં કોંગ્રેસ પક્ષે ભવ્ય વિજય મેળવ્યો છે. જયારે અન્ય બે રાજયમાં પણ કોંગ્રેસ પક્ષનો સારે દેખાવ રહ્યો છે. ત્યારે ત્રણ મોટા રાજયોમાં કોંગ્રેસના ભવ્ય વિજયથી કોંગ્રેસના કાર્યકરોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. જેથી ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ પક્ષના કાર્યકરો દ્વારા સાંજના ૪ કલાકે શહેરના મુખ્ય ઘ-૫ ખાતે ફટાકડા ફોડીને ઉજવણી કરી હતી, તો બીજી બાજુ જિલ્લા પંચાયત કચેરી ખાતે પણ કોંગ્રેસના અગ્રણી આગેવાનોએ આતશબાજી કરી હતી. જયારે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે કોંગી આગેવાનો, કાર્યકરોનો સવારથી જ ભારે જમાવડો જોવા મળ્યો હતો.

# પાંચ રાજયોના પરિણામોને પગલે ભાજપ મુખ્યાલય કમલમ્ પર સન્નાટો

**ગાંધીનગર-અમદાવાદ સહિત રાજયમાં કોંગ્રેસ દ્વારા ઉજવણી : ઉત્સવ મનાવી રહેલા કોંગ્રેસી કાર્યકરોની કેટલાક સ્થળોએ અટકાયત : ભાજપના વળતા પાણીના સાફ સંકેત : કોંગ્રેસ**

ગાંધીનગર,તા.૧૧

પાંચ રાજ્યોના પરિણામો એક પણ રાજયમાં ભાજપની સત્તાના અણસાર સુધ્ધાં નહી આવતાં ભાજપની છાવણીમાં સન્નાટો છવાઈ ગયો છે. તો બીજીબાજુ, પાંચેય રાજયોના પરિણામો અને તેના વલણની પરિસ્થિતિને જોતાં બપોર બાદ તો, દેશની સાથે સાથે ગુજરાતમાં પણ અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, ભરૂચ સહિતના વિવિધ શહેરોમાં કોંગ્રેસના કાર્યકરો ઢોલ-નગારા, અબી-ગુલાલની છોળો ઉડાડી જોરદાર વિજયોત્સવ મનાવવાની શરૂઆત કરી દીધી હતી. એકબાજુ, ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે રીતસરના કાગડા ઉડી રહ્યા હતા અને કોઈ નેતા કે પ્રદેશ પદાધિકારી શોધ્યા જડતા ન હતા, ત્યારે બીજીબાજુ, કોંગ્રેસના કાર્યાલય ખાતે જશ્નનો માહોલ છવાયેલો જોવા મળતો હતો. આ વિજયોત્સવની ઉજવણી વચ્ચે રાજકોટ સહિતના શહેરોમાં સ્થાનિક પોલીસ દ્વારા કોંગ્રેસના કાર્યકરોને ઉજવણી કરતાં અટકાવાયા હતા અને તેમની અટકાયત પણ કરાઈ હતી, જેને લઈ કોંગ્રેસમાં ઉગ્ર આક્રોશની લાગણી ફેલાઈ હતી. કોંગ્રેસના સ્થાનિક નેતાઓએ ભાજપ સરકારના ઈશારે પોલીસ પર દમનનો આરોપ લગાવ્યો હતો. પાંચેય રાજ્યોની મતગણતરીમાં ભાજપના કાંગરા ખરતા જોઈ અમદાવાદ ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે સન્નાટાનો માહોલ પથરાઈ ગયો હતો. ભાજપના સ્થાનિક નેતાઓ અને હોદ્દેદારો તો ઠીક તેના કોઈ કાર્યકરો પણ ફરકતા દેખાતા ન હતા. બીજીબાજુ, શહેર કોંગ્રેસના

● અનુસંધાન પાન-૭ પર

## ઈન્દિરાબ્રિજથી ઈન્ફોસીટી માર્ગની સુધારણા માટે ૮ કરોડ ખર્ચાશે

**વાઇબ્રન્ટને અનુલક્ષી રીસરફેસીંગનુ કામ હાથ ધરાશે : માર્ગ સુધારણાના અંતે રોડ ફર્નિચરનુ કામ પણ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧૧

ચ -૦ થી કોબા માર્ગના રીસરફેસીંગનુ કામ ટુંકમાં હાથ ધરાશે. ૧૨ કી મીના આ માર્ગને વાઈબ્રન્ટ પુર્વે ચકાચક બનાવી દેવાશે. જયારે માર્ગ સુધારણાના અંતે રોડ ફર્નિચરનુ કામ પણ હાથ ધરાશે. આ માર્ગ પર કેટ આઈ તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા કરવા સહીતની કામગીરી પણ હાથ ધરવામાં આવશે.

ગાંધીનગરમાં આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં માર્ગ સુધારણા સહીત બ્યુટીફીકેશનના કામો હાથ ધરાયા છે. નગરના માર્ગોને ચકાચક બનાવવા માટે પણ યુધ્ધના ધોરણે કામ હાથ ધરાયુ છે જયારે વાઈબ્રન્ટમાં દેશ વિદેશના મહાનુભાવો નગરના મહેમાન બનવાના હોવાથી સલામતી અને સુંદરતાના પરિબળો તરફ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યુ છે. ગાંધીનગર અમદાવાદ સાથે જોડાયેલા વિવિધ માર્ગોની પણ દરકાર લેવામાં આવી રહી છે. જેમાં આસપાસના વિસ્તારમા ગ્રીલનુ રીપેરીંગ તેમજ કલરકામ પણ હાથ ધરાયુ છે. આ ઉપરાંત ઈન્દિરાબ્રિજથી ઈન્ફોસીટી માર્ગની પણ સુધારણા હાથ ધરવામા આવશે. કોબા માર્ગને અનુલક્ષી ટુંકમાં જ સુધારણાની કામગીરી શરૂ કરી દેવાશે.

આ માર્ગના રીસરફેસીંગનુ કામ હાથ ધરાશે. જયારે આ કામગીરી પાછળ રૂ ૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે. માર્ગ સુધારણાના અંતે થર્મોપ્લાસ્ટના પટ્ટા તેમજ કેટ આઈ સહીત રોડ ફર્નિચરનુ કામ હાથ ધરવામાં આવશે.

# શહેરી ગામોમાં ૯ કરોડના ખર્ચે નવી પાઈપ લાઈન નંખાશે

**નવા બોર તેમજ ટાંકીના અંતે હવે પાઇપલાઇનનુ કામ હાથ ધરાશે : ૧૫૦ એમ એમ સુધીની લાઇન નંખાશે**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરના શહેરી ગામોમાં પાણીની ટાંકી તેમજ સંપ બનાવાનુ કામ પુર્ણતાના આરે છે. જયારે આગામી માર્ચ સુધીમાં આ કામગીરી પુર્ણ કરી દેવાશે. બીજીતરફ ગ્રામ્ય વિસ્તારામાં પાણીની સમસ્યાને હલ કરવા માટે આગામી દિવસોમાં પાઈપલાઈન અપગ્રેડ કરવાનુ કામ પણ હાથ ધરાશે. શહેરી વિસ્તારના ત્રણ ગામોમાં પાણીની લાઈન બદલવા માટે રૂ ૯ કરોડનો ખર્ચ કરાશે.

શહેરી વિસ્તારના ગામોમાં દાયકાઓના અંતે પણ હજુ માળખાગત સુવિધાઓના ઠેકાણા પડયા નથી. શહેરી વિસ્તારના ગામોમાં હજુ ગટર લાઈનનુ કામ પણ અધુરુ છે. જયારે રસ્તા અને સ્ટ્રીટ લાઈટની સેવા પણ અસરકારક નથી. સ્ટ્રીટ લાઈટો પણ વારંવાર ડુલ થઈ જતી હોવાનો રોષ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. જયારે આકરી ગરમીના દિવસોમાં વારંવાર પાણીની પોકાર ઉઠતી રહે છે. ત્યારે પાણીની સમસ્યાને હલ કરવા માટે અગાઉ શહેરી વિસ્તારના ગામોમાં પાણીના નવા બોર બનાવાયા હતા. જયારે હાલ પાણીની ઓવરહેડ ટાંકી તેમજ સંપ બનાવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. જયારે આગામી માર્ચ મહીના સુધીમાં ટાંકીનુ કામ પણ પુર્ણ થઈ જશે. જયારે શહેરી ગામોમાં પાણી સપ્લાય કરવા માટે દાયકાઓ જુની

● અનુસંધાન પાન-૭ પર

**બેસણું**



મારા ગૃહલક્ષ્મી સ્વ.માયા ભાનુપ્રસાદ દવે (દીદી) નું તા.૦૯-૧૨-૨૦૧૮ ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ. સદ્‌ગતનું બેસણું તા.૧૩-૧૨-૨૦૧૮ ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ થી ૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
(લૌકિક ક્રિયા સમાજીક રીત રીવાજ મુજબ આ જ દિવસે - સ્થળે રાખેલ છે)

સ્થળ : પ્લોટ નં. ૯૩૦/૧, સેકટર-૨/સી, ઘ-૨ સર્કલ પાસે, ગણેશ ચોક, ગાંધીનગર. મો. ૮૧૪૦૭૬૨૨૬૮, ૯૪૨૭૦૫૧૩૬૧

લી.
ભાનુપ્રસાદ શિવશંકર દવે (નિવૃત સહાયક માહિતી નિયામક)
શિવશંકર ડી. દવે
મીરાબેન એસ. દવે
પ્રકાશ શિવશંકર દવે
સરોજ પ્રકાશ દવે
સમગ્ર દવે પરિવાર (જોટાણા)

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

યોગેશકુમાર ડી. પંડ્યા (બનેવી)
રૂપાબેન પંડ્યા (બેન)
ચંદ્રકાન્ત વ્યાસ
વિકાસ ચંદ્રકાન્ત વ્યાસ
અલકા વિકાસ વ્યાસ




## ૩૧મી ડિસેમ્બર સુધી જૂના વાહનોને નવી નંબર પ્લેટ લગાવવા ફરમાન

ગાંધીનગર,તા.૧૧

ગુજરાતના ટ્રાન્સપોર્ટ વિભાગે જુના વાહનોને ૩૧મી ડિસેમ્બર સુધી નવી નંબર પ્લેટ (હાઈ સિક્યોરિટી રજિસ્ટ્રેશન પ્લેટ) લગાવવા ફરમાન કર્યું છે. ૩૧મી ડિસેમ્બર બાદ નવી નંબર પ્લેટ વગરના વાહન ચાલકો સામે મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૯૨ હેઠળ દંડ કરવામાં આવશે તેવી જાહેરાત પણ વાહન વ્હવહાર વિભાગે કરી છે.

# આર ટી ઓના સેન્સર આધારિત ડ્રાઈવીંગ ટ્રેક પર વાહનચાલકોની આકરી કસોટી

**રોજ ૧૦૦ પૈકી ૪૦ જેટલા અરજદારો જ ટ્રેકની પરીક્ષામાં પાસ થાય છે**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પર લાઈસન્સ માટેની કસોટી અરજદારો માટે કપરી પુરવાર થઈ છે. સેન્સર આધારિત ડ્રાઈવીંગ ટ્રેક પર અંદાજિત ૧૦૦ જેટલા અરજદારો ટેસ્ટ આપે છે. જયારે આ પૈકી ૪૦ ફેઈલ થાય છે. ટ્રેક પર અંગ્રેજી આંઠડો તેમજ એસ સહીત ચઢાવ ઉતાર પર કાર તેમજ ટુ વ્હીલરના લાયસન્સ માટે કસોટી પાર કરવાની હોય છે. જે ઘણાંખરા અરજદારો માટે મુશ્કેલ પુરવાર થઈ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

શું આપને ચામડી, ગુપ્તરોગ તથા વાળની તકલીફ છે ?
ચામડીના રોગોની સારવાર
● મુંબઈની સુપ્રસિદ્ધ હોસ્પિટલમાં સેવાઓ આપનાર ચામડીના પ્રસિદ્ધ ડોક્ટર હવે આપના શહેરમાં મળશે.
● ધાધરમાં સર્વપ્રથમ સારૂ રિઝલ્ટ
ડો. અર્પિતા પટેલ
MD, FCPS (Mumbai)
ચામડી તથા ગુપ્તરોગના નિષ્ણાત
ઉપલબ્ધ સુવિધાઓ :
લેઝર હેર રીમુવલ : અણગમતા વાળ દૂર કરવા માટે
કેમીકલ પીલીંગ : ચહેરા પરના કાળા ડાઘ દૂર કરવા તથા આકર્ષક ગ્લો લાવવા.
સ્કીન પોલીશીંગ
RF ડોટરી : ગળા તથા બગલમાં થતા મસા દૂર કરવા
ચામડીના રોગો : ખીલ, ખરજવુ, કરોળીયા, ગૂમડા, વાઢીયા, આંખના કુંડાળા વગેરે.
ગુપ્ત રોગો : સફેદ પાણી પડવું, ખંજવાળ, ઉનવા, માસિકની સમસ્યા, ગુપ્તાંગ પર ચાંદી, ફોલ્લી, ડાઘ વગેરે.
વાળના રોગો : ઉદરી, ટાલ, ખરતા વાળ
કાનની બુટ ટાંકાથી તથા ટાંકા વગર સાંધી આપવામાં આવશે.
: એડ્રેસ :
ગાંધીનગર : ૧૨૯૬/૧, ચ-૩ સર્કલની પાસે, સે.૭/ડી, સમય : ગુરૂ થી શનિ : સવારે ૧૧ થી ૫
દહેગામ : ૨૭, ગ્રાઉન્ડ ફ્લોર, બાલમુકુંદ કોમ્પલેક્ષ સમય : સોમ થી બુધ : સવારે ૧૧ થી ૫
એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક : ૮૧૪૦૧૨૮૬૧૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com